લોનને લગતા કાર્યક્રમોની અમલ અંગેની પદ્ધતિ

૧. સીધા ધિરાણ યોજના:-

ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ એ રાષ્ટ્રીય અલ્પ સંખ્યક વિકાસ અને નાણાં નિગમ, નવી દિલ્હીના નાણાંકીય સહયોગથી ધાર્મિક લઘુમતિના (મુસ્લીમ, શીખ, ખ્રિસ્તી, બૌધ્ધ, પારસી, જૈન સમુદાય જાતિના) શહેરી વિસ્તારમાં રૂ. ૧,૨૦,૦૦૦/- અને ગ્રામ્ય વિસ્તારમાં રૂ. ૯૮,૦૦૦/- સુધીની વાર્ષિક આવક ધરાવતા ઇસમોને વાર્ષિક ૬% ના દરે જયારે તેના કરતાં વધુ એટલે કે વાર્ષિક આવક રૂ.૬,૦૦,૦૦૦ સુધીની ધરાવતા પુરૂષ લાભાર્થીઓ માટે વાર્ષિક ૧૦% ના દરે અને મહિલા લાભાર્થીઓ માટે વાર્ષિક ૮ % ના દરે નાના પ્રકારના જુદાજુદા વ્યવસાય માટે રૂ. ૧૦,૦૦૦/- થી શરૂ કરીને રૂ. ૨૦,૦૦,૦૦૦/- (વીસ લાખ) સુધીનુ ધિરાણ આપવામાં આવે છે. આ માટે જાહેરાત બહાર પાડી અરજીઓ મેળવી, અરજીઓની ચકાસણી કરી લાભાર્થી પસંદગી સમિતિની બેઠકમાં ધિરાણ મંજુર કરવામાં આવે છે. ધિરાણ મંજુર કર્યા પછી અરજદારના જરૂરી દસ્તાવેજ તથા જામીનો મેળવી ધિરાણ આપવામાં આવે છે.

૨. શૈક્ષણિક લોન:-

રાષ્ટ્રીય અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ નવી દિલ્હીની ધિરાણ નીતિ અનુસાર ટેકનીકલ અને વ્યવસાયીક અભ્યાસક્રમો જેવા કે, મેડીકલ, ડેન્ટલ, ફીઝીયોથેરાપી, આયુર્વેદિક, હોમીયોપેથી, નર્સીંગ જેવા પેરા મેડિકલ કોર્સીસ, ફાર્મસી, કોમ્પ્યુટર એપ્લીકેશન, બિઝનેસ મેનેજમેન્ટ, પત્રકારત્વ, લાયબ્રેરી સાયન્સ, ઇંફોરમેશન ટેકનોલોજી, એક્સપોર્ટ, માર્કેટીંગ જેવા અભ્યાસક્રમો માટે વાર્ષિક ૩% રાહતદરે શૈક્ષણિક લોન આપવાની યોજના વર્ષ ૨૦૦૩-૦૪ થી અમલમાં છે. ધાર્મિક અલ્પસંખ્યક સમુદાયના શહેરી વિસ્તારમાં રૂ. ૧,૨૦,૦૦૦/- સુધીની અને ગ્રામ્ય વિસ્તારમાં રૂ. ૯૮,૦૦૦/- સુધીની વાર્ષિક આવક ધરાવતા ઇસમોને શૈક્ષણિક લોન દેશમાં અભ્યાસ કરવા માટે વધુમાં વધુ પુરા અભ્યાસક્રમની લોન રૂ. ૨૦,૦૦,૦૦૦/- સુધીની અને વિદેશમાં અભ્યાસ કરવા માટે રૂ. ૩૦,૦૦,૦૦૦/- સુધીની લોન આપવામાં આવે છે. આ યોજનાનો લાભ મેળવવા નિયત નમૂનાનું અરજી ફોર્મ ભરાવી તેમાં જરૂરી સાધનીક આધાર લોન દસ્તાવેજ અને જામીનો મેળવી ધિરાણ આપવામાં આવે છે.

ઉપર જણાવ્યા મુજબની આવક મર્યાદા કરતાં વધુ વાર્ષિક આવક ધરાવતા એટલેકે વાર્ષિક આવક રૂ. ૬,૦૦,૦૦૦/- સુધીની હોય તેવા કુટુંબના વિધાર્થીને વાર્ષિક ૮% ના દરે અને વિધાર્થીનીને વાર્ષિક ૫%ના દરે શૈક્ષણિક લોન આપવામાં આવે છે.

૩. માઇક્રો ફાઇનાન્સ યોજના:-

સક્ષમ હોય અને તેઓના વિસ્તારમાં સારી શાખ ધરાવતી પ્રતિષ્ઠિત સ્વૈચ્છિક સંસ્થાઓ મારફતે સંસ્થાના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારના અલ્પ સંખ્યક સમુદાયના શહેરી વિસ્તાર માટે વાર્ષિક આવક રૂ. ૧,૨૦,૦૦૦/- સુધીની અને ગ્રામ્ય વિસ્તારમાં રૂ. ૯૮,૦૦૦/- સુધીની વાર્ષિક આવક ધરાવતા ઇસમોને નાના પ્રકારના સ્વરોજગાર વ્યવસાય માટે રૂ.૧,૦૦,૦૦૦/- સુધીની મર્યાદામાં રાહતદરે ધિરાણની યોજના અમલમાં છે. તેના કરતા વધારે વાર્ષિક આવક ધરાવતા પુરુષ લાભાર્થીઓ માટે વાર્ષિક ૧૦% ના દરે અને મહિલા લાભાર્થીઓ માટે વાર્ષિક ૮ % ના દરે ધિરાણ આપવામાં આવે છે.

૪. વ્યવસાયિક તાલીમ યોજના:-

અ. રાષ્ટ્રીય અલ્પસંખ્યક વિકાસ અને નાણાં નિગમની વ્યવાસાયિક તાલીમ યોજના મુજબ અલ્પ સંખ્યક સમુદાયના લોકો ને કુશળ, અર્ધ કુશળ વ્યવસાયોમાં તાલીમ આપીને સ્વરોજગારી મેળવી તેવી યોજના અમલમાં છે. આ યોજના રાજ્યસરકારની ચેનલાઇઝીંગ એજન્સી દ્વારા અમલવારી થાય તે માટે જરૂરીયાત મુજબ વ્યવસાયિક તાલીમનું આયોજન કરી શકાય છે. આ માટે સફળતા પૂર્વક તાલીમ પૂર્ણ કરનાર તાલીમાર્થીને માસિક રૂ. ૨,૦૦૦/- લેખે સ્ટાઇપેન્ડ આપવામાં આવે છે. જયારે તાલીમ આપનાર સંસ્થાને તાલીમાર્થી દીઠ માસિક રૂ. ૧,૦૦૦/- તાલીમ ફી તથા અન્ય ખર્ચ પેટે ચુકવવામાં આવે છે.

બ. હસ્તકલાના કારીગરો દ્વારા ઉત્પાદનના વેચાણમાં મદદગારીની યોજના હસ્તકલાની ચીજ વસ્તુઓ બનાવતા અલ્પ સંખ્યક સમુદાયના ઇસમોને મદદરૂપ થવા માટે તેમજ તેમના દ્વારા બનાવેલ ચીજવસ્તુઓની સારી કિંમત મેળવી શકે તે માટે તેમની ચીજ વસ્તુઓ સ્વૈચ્છિક સંસ્થા મારફત રાષ્ટ્રીય નિગમ દ્વારા જે શહેરમાં પ્રદર્શન કમ વેચાણનું આયોજન થાય ત્યારે તે પ્રદર્શનમાં સ્ટોલ રાખવામાં આવે છે અને તેમાં અલ્પસંખ્યક સમુદાયના ઉપર જણાવેલ કારીગરો/ સંસ્થાઓ પોતાની હેન્ડીક્રાફ્ટ વસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ કરે છે.

ક. નિપુણતામાં વધારો કરવા ડિઝાઇન વિકાસમાં મદદગારી, બદલાતી નવી દુનિયામાં લોકોની જરૂરિયાતો ને ધ્યાનમાં રાખી હેન્ડલુમ / હેન્ડીક્રાફ્ટ વસ્તુઓ કે જેઓ અલ્પસંખ્યક લોકો દ્વારા ઉત્પાદિત થતી હોય તેમાં છેલ્લામાં છેલ્લી જાતની લેટેસ્ટ ડીઝાઇન તથા તેના સંદર્ભનું કામ હરીફાઇમાં ટકી શકે તેવી કિંમત મળે તેમાં નિગમ સહયોગ આપે છે.

ડ. ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ દ્વારા અલ્પસંખ્યક જાતિના જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ દ્વારા વ્યક્તિગત સભાસદ લાભાર્થીઓને મુદતી ધિરાણની યોજનામાં દુધાળા જાનવર ખરીદવા ધિરાણ આપવામાં આવે છે.

૫. બીસીકે : ૧૦૫ માન્ય વર્કશોપ ખાતે કારીગરોને તાલીમ.

આ યોજના હેઠળ અલ્પસંખ્યક સમુદાયના બેકાર યુવક/યુવતીઓને હીરા ઘસવાની, ભરતગુંથણ, શિવણકામ, ઉની ગાલીચા જેવી તાલીમ એન.જી.ઓ. મારફ્તે ૬ માસ માટે

તાલીમ આપવામાં આવે છે. તાલીમ દરમ્યાન લાભાર્થીઓને માસિક રૂ. ૧૦૦ સ્ટાઇપેન્ડ આપવામાં આવે છે તેમજ સંસ્થાને માસિક રૂ.૧૦૦ ટ્યુશન ફી આપવમાં આવે છે.

તદઉપરાંત વર્ષ ૨૦૦૬-૦૭ થી આ નિગમને રાષ્ટ્રીય વિકલાંગ નાણાં અને વિકાસ નિગમ (NHFDC), નવી દિલ્હીની સ્ટેટ ચેનલાઇઝીંગ એજન્સી તરીકે વિકલાંગ વ્યક્તિઓના આર્થિક ઉત્કર્ષ માટે વિવિધ યોજનાઓ ના અમલીકરણ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા કામગીરી સોંપવામાં આવેલ છે. વર્ષ ૨૦૦૬-૦૭થી રાષ્ટ્રીય વિકલાંગ વિકાસ અને નાણાં નિગમ વિકલાંગ વ્યક્તિઓના આર્થિક ઉત્કર્ષ માટેની યોજનાઓનું પણ અમલીકરણ કરે છે.

<u>વિકલાંગ સમુદાયની યોજનાઓની માહિતી :-</u>

૧. મુદતી ધિરાણ :-

સ્વરોજગારીના ધંધા/વ્યવસાય માટે રૂ. ૫.૦૦ લાખ સુધી વ્યક્તિગત ૪%ના વ્યાજના દરે ૧૮ વર્ષથી ઉપરની અને ૪૦% વિકલાંગતા ધરાવતા મહિલાઓને તથા તે મુજબના પુરૂષોને વાર્ષિક ૫%ના દરે ધિરાણ આપવામાં આવે છે તથા તેની વસુલાત ૫ વર્ષ ના સમયગાળામાં કરવામાં આવે છે.

૨. શૈક્ષણિક ધિરાણ :-

ભારતમાં ટેકનીકલ અને વ્યવસાયિક ઉચ્ચ અભ્યાસ માટે રૂ. ૧૦.૦૦ લાખ સુધી અને રૂ. ૨૦.૦૦ લાખ સુધી વિદેશમાં અભ્યાસ માટે વાર્ષિક ૩.૫% ના દરે અને ૪૦% વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને ૪% ના વ્યાજના દરે ધિરાણ આપવામાં આવે છે આ લોનની વસુલાત અભ્યાસ પૂર્ણ થયા બાદ ૬ મહિનામાં અથવા નોકરી મળે તે બે માંથી જે વહેલુ હોય ત્યારથી ૫ વર્ષના સમયગાળામાં કરવામાં આવે છે.

૩. સૂક્ષ્મ નાણાં ધિરાણ :-

બિનસરકારી સંસ્થા/સ્વસહાય જૂથ મારફતે નાના ધંધા/વ્યવસાય સ્વરોજગારની પ્રવૃતિઓ માટે વાર્ષિક ૪%ના વ્યાજના દરે અને ૪૦% વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને વાર્ષિક ૫%ના વ્યાજના દરે વધુમાં વધુ રૂ. ૨૫,૦૦૦/- લાભાર્થીને ધિરાણ આપવામાં આવે છે. આ લોનની વસુલાત ૩ વર્ષના સમયગાળામાં કરવામાં આવે છે.